ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

Dt.: 26th Feb. 2016

પ્રતિ,

તંત્રીશ્રી,

.....................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત

## વિક્રમ સારાભાઇ સ્પેસ એક્ઝિબીશનનાં છેલ્લા દિવસે ભાવનગરની જીજ્ઞાસુ જનતાએ મેળવ્યું સ્પેસ વિષયનું મહત્તમ જ્ઞાન.

ઇસરોના SAC (સ્પેસ એપ્લિકેશન સેન્ટર) દ્વારા વિક્રમ .સારાભાઇ સ્પેસ એક્ઝિબીશન શેઠ એચ.જે.લો કોલેજ, સરદાર નગર, ભાવનગર ખાતે તા:-24. અને 25.02.2016 દરમ્યાન સવારે 8 કલાકથી સાંજનાં 5 કલાક સુધી આમ જનતા માટે ખુલ્લુ મુકાયુ હતું. આ એક્ઝિબીશના ઉદઘાટન સમારોહમાં અતિથી તરીકે ભાવનગર જિલ્લાનાં માનનીય કલેક્ટરશ્રી બંછાનિધી પાની સાહેબ, ભાવનગર રેન્જનાં પ્રથમ ડી.આઇ.જી શ્રી અમિત વિશ્વકર્મા, શેઠ એચ.જે.લો કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી જીતેન્દ્રભાઇ પંડ્યા, ભાવનગર કેળવણી મંડળના પ્રમુખશ્રી વિનુભાઇ પંડીત, કલાયાણ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ તેમજ શ્રી બી.એમ.કોમર્સ હાઇસ્કુલનાં આચાર્ય શ્રી પરેશભાઇ ત્રિવેદી, લોક વિજ્ઞાન કેન્દ્રનાં ચેરમેન શ્રી ડો.ભાવેશભાઇ ભરાડ અને ઇસરો અમદાવાદથી પધારેલા વૈજ્ઞાનિકો શ્રી દિપકભાઇ પંડ્યા, ધાત્રીબેન ત્રિવેદી, જીજ્ઞેશભાઇ રાવલ તથા જે.બી.જોષી હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ સ્પેસ એક્ઝિબીશનને સાંકળીને પોતાના મંતવ્યો તથા વક્તવ્યો આપ્યા હતાં.

આ પ્રદર્શનની મુલાકાતે ભાવનગર શહેર તથા ભાવનગર જિલ્લાભરમાંથી શાળા, કોલેજ નાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા શહેરીજનો બહોળી સંખ્યામાં જોડાયેલ. ઉપરાંત આ એક્ઝિબીશનની મુલાકાતે સેરેબ્રલ પલસી (દિવ્યાંગ) નાં બાળકો તથા બેહરા,મુંગાં શાળાના બાળકોએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત માટે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અલગ વ્યવસ્થા કરવામાં આવેલ. જેમાં આ બાળકોને પોતાની ભાષામાં આ સમગ્ર એક્ઝિબીશનને સમજાવવામાં આવેલ. ત્યારબાદ તમામ મોડેલ્સને આ બાળકો સમક્ષ ખુલ્લા મુકી તેની સાથે રમત ગમત જેવા કે સ્પેસ શટલ પર બેસાડવા, 3ડી લેન્સ પેરવા, કેમેરા દ્વારા ફોટો શૂટ કરવા વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org



આ કાર્યક્રમના સમાપન સમારોહમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડો.શૈલેષભાઇ ઝાલા, ભાવનગરનાં પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણા, શેઠ એચ.જે.લો કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી જીતેન્દ્રભાઇ પંડ્યા, શ્રી એચ.એન.વાઘેલા, એચ.ઓ.ડી. હિન્દી ભવન, ડો.આઇ.આર.ગઢવી, એચ.ઓ.ડી મરીન સાયન્સ ડીપાર્ટમેન્ટ તથા ઇસરોનાથી પધારેલા વૈજ્ઞાનિકો હાજર રહેલ. ઉપસ્થિત મહેમાનોએ આ કાર્યક્રમને ગ્રાન્ડ સક્સેસ ગણાવતા પોતાના મંતવ્યો આપતા પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાએ જણાવેલ કે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલીત ભાવનગર એસ્ટ્રોનોમી કલબની આ કોન્ટમ જંપ આ એક્ઝિબીશનને જણાવી ને આ એસ્ટ્રોનોમી કલબને ઇસરોની વિસ્તૃત પરિવાર જણાવેલ. ઉપરાંત કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડો.શૈલેષભાઇ ઝાલાએ તમામ એક્ઝિબીટર, સ્કાઉટ ગાઇડના સભ્યો, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનો સ્ટાફ અને ઇસરોથી પધારેલા વૈજ્ઞાનિકો ભાવનગર ખાતે કરવામા આવેલ સફળ એક્ઝિબીશન માટે હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ.

આ સમગ્ર બે દિવસનાં એક્ઝિબીશન દરમ્યાન ભાવનગર શહેર, જિલ્લા તથા બોટાદ જિલ્લાની શાળા, કોલેજ નાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા નગરજનો એમ કુલ મળીને 17,800 થી વધારે લોકોએ આ એક્ઝિબીશન નિહાળેલ તેમ સંસ્થાના ચેરમેનની યાદીમાં જણાવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.